# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦એ, ગાંધીનગર**

## જાહેરાત ક્રમાંક:૩૭૮/૨૦૨૫૨૬

**(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

## "TAT-S" ના પરીક્ષાર્થીઓ માટેની અગત્યની સુચના

## ગુજરાત ગૌણ સેવા, વર્ગ–3, Combined Competitive Examination CCE (ગૃપ–A અને ગૃપ–B) ની પ્રાથમિક પરીક્ષાના કોલ લેટર પુન: ડાઉનલોડ કરવા બાબત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક:૩૭૮/૨૦૨૫૨૬ હેઠળ "ગુજરાત ગૌણ સેવા"વર્ગ–૩, સંવર્ગ (ગૃપ–A અને ગૃપ–B) ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા માટેની જાહેરાત અંતર્ગત પ્રાથમિક પરીક્ષા તા.૧૬/૦૯/૨૦૨૬ થી તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ MCQ-CBRT (Computer Based Response Test) પદ્ધતિથી યોજાનાર છે.

સદરહુ પરીક્ષા અન્વયે મળેલ રજુઆતોના આધારે ધ્યાને આવેલ કે તા.૨૦/૦૯/૨૦૨૬ ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા "શિક્ષક અભિરૂચિ કસોટી(માધ્યમિક)–૨૦૨૬ (TAT-S)" ની મુખ્ય પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં "શિક્ષક અભિરૂચિ કસોટી(માધ્યમિક)–૨૦૨૬ (TAT-S)" ના ઉમેદવારો પૈકી કેટલાક ઉમેદવારોને પણ CCE ની પ્રાથમિક પરીક્ષામાં તા.૨૦/૦૯/૨૦૨૬ ના રોજ પરીક્ષાની શિફ્ટ મળેલ છે. જેથી ઉમેદવારોના વ્યાપક હિતમાં ફક્ત આવા ઉમેદવારોની પરીક્ષાની તારીખ બદલવામાં આવેલ છે. જે ધ્યાને લઇ TAT-Sના સંબંધિત ઉમેદવારોને પોતાના કોલ લેટર પુન: ડાઉનલોડ કરવા જણાવવામાં આવે છે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ :૧૪/૦૯/૨૦૨૬**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**